# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેકસ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮/૨૫ તારીખ:૨૦.૨.૧૮

રજી. એ. ડી દ્વારા

પ્રતિ,

શ્રી ડુડિયા દિનેશ ભવાનજીભાઈ

c/o , ડુડિયા મનુભાઈ ભવાનજીભાઈ ,

સવાયા ફળિયા,

રાજપૂત સમાજવાડી પાસે,

તા.ભુજ.જી-કચ્છ

વિષય :– ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ રજૂઆત

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં.પીજી ૦૩/૦૦૩/૨૦૧૭-૧૮

મહાશય શ્રી,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ ૧૨.૧.૨૦૧૮ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ
ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ રવાના :–

(૧) વિશેષ મુખ્ય ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી, ભુજ શહેર-૧

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦   ફેકસ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-03-003-2017-18.**

અરજદાર: ડુડીયા દીનેશ ભવાનભાઇ C/O, ડુડીયા મનુભાઇ ભવાનભાઇ.
ગામ: ભૂજ તા: ભૂજ જી. કચ્છ

રજૂઆત કરનાર: ડુડીયા મનુભાઇ ભવાનભાઇ

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
રજૂઆત કરનાર: શ્રી કે આર વરસાણી, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
૩) શ્રી પી આર વ્યાસ, ટેકનીકલ મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હૉલ, પી.જી.વી.સી.એલ.,વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૧૨.૧.૨૦૧૮

::અરજદારની રજૂઆત::

૧. અરજદારે ટ્રાન્સફોર્મર લાગેલ ના હોઈ તેનો ચાર્જ વસુલ કરેલ અને ભુજના અન્ય ફલોરમિલ વાળા વીજ કનેક્શન પાસે આ ચાર્જ વસુલ કરેલ નથી જેથી રૂ.૧૨૨૧૪/- સદર રકમ વ્યાજ સાથે પરત મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨. સદર કેસની વિગત નીચે મુજબ છે.



Scanned by CamScanner

૨.૧ ગ્રાહકશ્રી ડુડિઆ દિનેશ ભવાનજી ગ્રાહક નં ૩૮૯૦૯/૧૨૬૨૦/5 નું વીજ જોડાણ મેળવવા માટે નીચે મુજબ અંદાજપત્ર ભરપાઇ કરવામાં આવેલ છે.

| વર્ણન | રકમ | રસીદ નં | રકમ ભરપાઈ તારીખ |
|---|---|---|---|
| ટીસી પ્રોપોજનેટ ચાર્જ | ૧૨૨૧૪ | DJ 178547 | 23.05.2006 |
| સર્વિસ કનેક્સન | ૧૩૨૦ | DJ 178547 | 23.05.2006 |
| સિક્યોરીટી ડીપોઝીટ | ૩૦૦૦ | DJ 178548 | 23.05.2006 |
| Total | ૨૧૫૩૪ | | |

૨.૨ તેમના અનુસાર ગ્રાહકશ્રી વરસાણી ધનજી દેવરાજ ગ્રાહક નં ૩૮૯૧૧/૦૩૮૯૭૨/૫ તથા ગ્રાહકશ્રી ભાવસાર દિલીપ અરજણ ગ્રાહક નં ૩૮૯૧૧/૦૩૮૭૦/૯ પાસેથી ટ્રાન્સફોર્મર ચાર્જ વસુલ થયેલ નથી.

૨.૩ ઉપરોક્ત બે ગ્રાહકો પાસેથી ટ્રાન્સફોર્મર ચાર્જ વસુલ થયેલ ન હોવાથી, તેમના દ્વારા ભરપાઈ કરેલ રકમ રૂ.૧૨૨૧૪/- વ્યાજ સાથે પરત મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩. સુનાવણી સમયે રજૂઆત કરનાર ના પ્રતિનિધિશ્રી ડુડીયા મનુભાઇ ભવાનભાઇ રૂબરૂમાં હાજર રહેલ છે.

:: <u>પીજીવીસીએલની રજૂઆત</u>::

૪. સુનાવણી સમયે સામાવાળા શ્રી કે આર વરસાણી, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૪.૧ ગ્રાહકશ્રી ડુડીયા દીનેશ ભવાનભાઇ ધ્વારા ઔધોગિક વીજ જોડાણ મેળવવા માટે અરજી કરવામાં આવેલ.

૪.૨ સદર વીજ જોડાણ માટેનું અંદાજપત્ર નીચે મુજબ ભરપાઇ કરેલ.

| વર્ણન | રકમ | રસીદ નં | રકમ ભરપાઈ તારીખ |
|---|---|---|---|
| ટીસી પ્રોપોજનેટ ચાર્જ | ૧૨૨૧૪ | DJ 178547 | 23.05.2006 |
| સર્વિસ કનેક્સન | ૧૩૨૦ | DJ 178547 | 23.05.2006 |
| સિક્યોરીટી ડીપોઝીટ | ૩૦૦૦ | DJ 178548 | 23.05.2006 |
| Total | ૨૧૫૩૪ | | |

૪.૩ શ્રી ડુડીયા દીનેશ ભવાનભાઇ ની ટ્રાન્સફોર્મર ચાર્જ વસુલેલ રકમ પરત કરવા અંગેની રજૂઆત બે વર્ષ કરતા વધારે જૂની હોઈ ધ્યાને ન લેવા રજૂઆત કરેલ છે.



Scanned by CamScanner

::હુકમ::

૫. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય.

૫.૧ સદર વીજ જોડાણ માટેનું અંદાજપત્ર Para 4.2 મુજબ ભરપાઇ કરેલ.

૫.૨ અરજદારે ટ્રાન્સફોર્મર લાગેલ ના હોઈ તેનો ચાર્જ વસુલ કરેલ અને ભુજના અન્ય ફ્લોરમિલ વાળા વીજ કનેક્શન પાસે આ ચાર્જ વસુલ કરેલ નથી જેથી રૂ.૧૨૨૧૪/- સદર રકમ વ્યાજ સાથે પરત મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૫.૪ જી.ઈ.આર.સી, સીજીઆરેફ એન્ડ ~~ઓમ્બ્રેસમેન્ટ~~ ઓમ્બડ્સમેન રેગુલેસન ૨/૨૦૧૧ કલમ ૨.૩૦(iii) મુજબ "A Complainant shall not be entitled to approach the Forum in cases where the Complaint/ Grievance has been registered two years after the date on which the cause of action has arisen" આથી ફરીયાદી ની ફરિયાદ રદ કરવામાં આવે છે.

૬. આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

૭. આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| પી આર વ્યાસ | એન એચ જોષી | જે.બી. પારેખ |
| ટેકનીકલ મેમ્બર | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner